# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

--------------------------------------

**(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.**

# MODASA BUS STATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ રવિવારે અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે નવા આધુનિક બસ સ્ટેશનનું લોકાર્પણ કરશે. આ અંગે વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધિ ......

(VOICE CAST ANKIT CHAUHAN)

. . . . . . . . . . . .

# ROV DEEP TRACKER

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અદ્યતન ટેકનોલોજીવાળું ROV (Remotely Opreated Vehicle) ડીપ ટ્રેકર રોબોટ વસાવશે. આ ડીપ ટ્રેકર રોબોટ રાત્રિના સમયે નદીમાં રહેલા મૃતદેહ અથવા તો કોઈપણ ચીજ વસ્તુને 200 ફુટ ઊંડાઈમાંથી શોધી કાઢશે. અગ્નિશમન વિભાગ દ્વારા સાબરમતી નદીમાં ડીપ ટ્રેકરનું ટ્રાયલ કરવામાં આવ્યુ છે. કોર્પોરેશન દ્વારા આવા બે થી ત્રણ મશીન વસાવવાની યોજના છે.

શહેરમાં સાબરમતી નદી તેમજ અનેક નાળા તેમજ તળાવો આવેલા છે, જેમાં ઘણી વાર દુર્ઘટના બનતી હોય છે. ખાસ કરીને, રાત્રિના સમયે દુર્ઘટના થાય ત્યારે મુશ્કેલીઓના કારણે કલાકોનો વિલંબ થતો હોય છે.

આ સમસ્યાના ઉકેલ તરીકે ROV ડીપ ટ્રેકર મશીન ખરીદવામાં આવશે. આ મશીનનો ઉપયોગ ભૂતકાળમાં રાજ્યમાં મોરબી ઝૂલતાં પુલ દુર્ઘટનામાં કરવામાં આવ્યો હતો.

ડીપ ટ્રેકર મશીન એક પ્રકારનો અંડર વોટર રેસ્ક્યૂ રોબોટ છે જે નદી, કેનાલ, કે ઉંડા પાણીમાં રાત્રે પણ ઓપરેટ કરી શકે છે.

. . . . . . . . . . . .

# RAJKOT BRTS MONITORING

તાજેતરમાં થયેલી માર્ગ દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને રાજકોટમાં શહેરી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવાનાં મોનટરિંગ માટે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) ખાતે અલગથી કર્મચારીઓ નિયુક્ત કરીને શહેરમાં ચાલતી સીટી બસોની સલામત રીતે અવરજવર થાય તેનાં પર દેખરેખ રાખવામાં આવશે. આ સેન્ટર દ્વારા શહેરમાં લગાવવામાં આવેલાં તમામ કેમેરાનું લાઇવ સ્ટ્રીમીંગ તેમજ મોનીટરીંગ થાય છે.

આ સેન્ટર ખાતે પ્રતિ શિફ્ટ બે મળીને કુલ ચાર કર્મચારી મુકવામાં આવશે. આ કર્મચારીઓ દ્વારા બસના ઓવર સ્પીડ, સ્ટોપ પર બસ ન ઊભી રાખવી, સિગ્નલ તોડવું, રોંગ સાઇડ ડ્રાઇવીંગ તેમજ બસ તેના ટાઇમ ટેબલ પ્રમાણે ચાલે છે કે નહિ તેનું મોનીટરીંગ કરશે. જો કોઇ વાહન નિયમનું ઉલ્લંઘન કરશે તો તેની જાણ તાત્કાલિક બસ સંચાલક અને જનરલ મેનેજરને કરાશે, અને તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાની કંપની, રાજકોટ રાજપથ લિમિટેડ દ્વારા શહેરમાં ૮૦ રૂટ પર ૧૦૦ CNG તથા ૧૨૪ ઇલેક્ટ્રિક એમ કુલ ૨૨૪ બસ દ્વારા પરિવહન સેવા પુરી પાડવામાં આવે છે.

રાજકોટનાં નાગરિકોને સીટી બસ તેમજ BRTS બસ સેવા ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાના કોઈ પણ વાહન જોખમકારક રીતે કે અકસ્માત સર્જે તે રીતે ચાલતું જણાય અથવા નિયમભંગ કરતું જણાય તો કોલ સેન્ટર નંબર “૧૫૫૩૦૪" પર આ અંગેની ફરિયાદ નોંધાવી શકાશે એમ એક યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

## HERITAGE DIGITISATION

વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરા અને લોથલ ખાતે હજારોની માત્રામાં મળેલી તે સમયની સામગ્રીનું ડિજિટાઇઝેશન થઇ ગયું છે, જેને ઓનલાઇન જોઈ શકાશે.

ભારત સરકારે 2007માં રાષ્ટ્રીય સ્મારકો અને પ્રાચીન વસ્તુઓ પરનું અભિયાન શરૂ કર્યું હતું. જેથી સ્મારકો, સ્થળો અને પ્રાચીન વસ્તુઓનું વ્યવસ્થિત રીતે દસ્તાવેજીકરણ અને ડિજિટાઇઝેશન કરી શકાય.

અત્યાર સુધી 12 લાખ 34 હજાર 937 પ્રાચીન વસ્તુઓનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 11 હજાર 406 સ્થળો અને સ્મારકોનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. આ યોજનામાં ગુજરાતમાંથી ધોળાવીરા અને લોથલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ધોળાવીરામાંથી મળેલી 34 હજાર 781 જેટલી પ્રાચીન સામગ્રીનું અને લોથલ મ્યુઝિયમની કુલ 718 વસ્તુઓનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . .

## PAVAGADH BUS INCOME

**માતાજીના આરાધના પૂર્વ ગણાતા ચૈત્રી નવરાત્રીએ તીર્થસ્થાન પાવાગઢ ખાતે મોટી સંખ્યામાં માંઇ ભક્તો ઉમટ્યા હતાં.**

તારીખ 30મી માર્ચથી 13 એપ્રિલ સુધી ચૈત્રી નવરાત્રીના પ્રથમ નોરતાથી લઈ ચૈત્રી પૂનમ સુધીના 15 દિવસ દરમિયાન એસ.ટી વિભાગ દ્વારા વધારાની 60 એસટી બસો મારફતે કુલ 20,598 જેટલી ટ્રીપ દ્વારા કુલ 1 લાખ 14 હજાર 789 કિલોમીટર જેટલું અંતર કાપી 7 લાખ 31 હજાર 361 યાત્રિકોને મુસાફરી કરાવી હતી.

૧૫ દિવસ દરમિયાન એસટી વિભાગને કુલ દોઢ કરોડ રૂપિયા જેટલી આવક થઈ હોવાની વિગતો એસટી વિભાગના સુત્રો પાસેથી જાણવા મળી છે.

. . . . . . . . . . . . .

# AMRELI – POLICE SUSPEND

અમરેલી જિલ્લા પોલીસ દળમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સાવરકુંડલાના ASP વલય વૈદ્યે વિવિધ ગાર્ડ પોઈન્ટ્સ પર સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન 14 પોલીસકર્મીઓ ફરજ પર ગેરહાજર મળી આવતા ફરજ પરથી બરતરફ કર્યા છે.

આ તમામ કર્મચારીઓએ સક્ષમ અધિકારીની મંજૂરી વગર મનસ્વી રીતે ગેરહાજર રહી ફરજ પ્રત્યે બેદરકારી દાખવી હતી. સસ્પેન્ડ થયેલા કર્મચારીઓમાં જેલ ગાર્ડ, ટ્રેજરી ગાર્ડ, EVM ગાર્ડ, સહિતના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# MGVCL CHECKING DRIVE

મધ્યગુજરાત વીજ નિગમ લિમિટેડ-MGVCL દ્વારા તાજેતરમાં શહેરના 25થી વધુ ગામોમાં 21 ટીમો દ્વારા વીજ તપાસ ઝૂંબેશ દરમિયાન 553 વીજ જોડાણ ચકાસવામાં આવ્યા હતા, જેમાંથી 80 જોડાણમાંથી 11 લાખ 40 હજાર રૂપિયાની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી હતી.

શહેરા-1 અને શહેરા-2 સબ ડિવિઝનના નાથુજીના મુવાડા, ખોડિયાર, બામરોલી, સુરેલી અને ખોજલવાસા એમ 5 ફીડરમાં આવતા 25થી વધુ ગામોમાં રહેણાંક મકાનો અને દુકાનોના વીજ જોડાણોની ચકાસણી કરાઈ હતી. વીજ ચોરી કરનારા પાસેથી MGVCL દ્વારા દંડ વસુલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# KAMREJ TAPI RIVER DEATH

સુરત જિલ્લાના કામરેજનાં ગળતેશ્વર ખાતે તાપી નદીમાં ત્રણ લોકોના ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાનાં અહેવાલ છે. સુરત જિલ્લાના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, એક મહિલા સહિત બે પુરુષ નદીમાં ડૂબી ગયા હતા.

અગ્નિશમન વિભાગની ટૂકડીએ ત્રણેય મૃતદેહ તાપી નદીમાંથી બહાર કાઢ્યા હતા. સુરતના કતારગામથી પાંચ લોકો ગળતેશ્વર ખાતે નદીમાં નહાવા ગયા હતા.

. . . . . . . . . . . .